Divyabhaskar

EDII

April 18, 2023
Pg. 18

વર્લ્ડ હેરિટેજ ડે | સંખેડાનું ફર્નિચર, સુરતીનું જરી કામ, પાટણનાં પટોળાં બાદ વધુ એક કળાને દરજ્જો

# ગુજરાતની હસ્તકળા 'માતાની પછેડી'ને GI ટેગ મળ્યો



← ચિતારા સમાજ 300 વર્ષથી આ કળા પર કામ કરી રહ્યા છે.

ધૈર્યા રાઠોડ | અમદાવાદ

'માતાની પછેડી' આર્ટ કે જે સાબરમતી નદીના કિનારે રહેતા દેવીપૂજક સમુદાય દ્વારા બનાવવામાં આવે છે. હાલમાં જ યુનેસ્કો દ્વારા ગુજરાતની કલમકારી કલા 'માતાની પછેડી'ને જીઓગ્રોફિકલ ઈન્ડેક્સ(જીઆઈ) નો દરજ્જો આપવામાં આવ્યો છે. જીઓગ્રોફિકલ ઈન્ડેક્સમાં લિસ્ટેડ થવાથી આ અનોખી આર્ટ અને આર્ટિસ્ટ બંનેનું સંરક્ષણ થશે. જીઆઈ ટેગનો ફાયદો એ છે કે હવે 'માતાની પછેડી'આર્ટ અન્ય કોઈ પ્રદેશના આર્ટિસ્ટ આ કળાને શીખી અને તેની કોપી કરીને તેના મૂળ કારીગરોને નુકસાન ના કરી શકે. તેમજ ગ્લોબલ લેવલ પર પણ કોઈ પણ અન્ય વ્યક્તિ આ આર્ટની કોપી કે મેકિંગ કરીને કે બીજા કોઈ નામ કે બ્રાન્ડથી વેચી કે બનાવી શકશે નહીં. ગુજરાતમાં અગાઉ સંખેડાનું ફર્નિચર, ખંભાતની અકીક, કચ્છી એમ્બ્રોડરી, સુરતી જરી કામ, પાટણના પટોળા, જામનગરની બાંધણી અને ટાંગલિયા શાલને જીઆઈ ટેગ મળી ચૂક્યા છે. જીઆઈ ટેગ મળવાથી જે-તે આર્ટનું સંરક્ષણ કરવું સરળ બને છે.

## જીઆઈ ટેગથી આ અનોખી આર્ટ અને કલાકારનું સંરક્ષણ થશે

" હસ્તકલા સેતુ ભારતની ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા સાથે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સાચવવાનો પ્રયાસ કરે છે. ગુજરાત ગવર્મેન્ટ અને ઈડીઆઈઆઈ સાથે મળીને હસ્તકલા સેતુ યોજના હેઠળ સહકારી મંડળીની નોંધણી, આંત્રપ્રિન્યોર્શિપ ડેવલપમેન્ટ અને ટ્રેનિંગ પ્રોગ્રામ, ડોમેન આધારિત સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વિવિધ સરકારી યોજનાઓ સાથે ક્રેડિટ કનેક્શન, એમએસએમઈ રજિસ્ટ્રેશન, માર્કેટ કનેક્શન અને માર્ગદર્શક જેવા અનેક કેમ્પેન હાથ ધર્યા છે. ઈડીઆઈઆઈ હસ્તક્ષેપને કારણે, કારીગરોને GeM પોર્ટલ દ્વારા ઓર્ડર મળ્યા છે. અમે ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ દ્વારા એક કોમન ફેસિલિટી સેન્ટર બનાવવાનો પણ પ્રયાસ કરી રહ્યા છીએ જ્યાં કારીગરો આવીને તેમની પ્રોડક્ટ પર સાથે મળીને કામ કરી શકે. કારીગરોએ માતાની પછેડીની વેબસાઈટ પણ બનાવી છે » **ડૉ. સુનીલ શુક્લા,** ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ

### જીઆઈ ટેગના અનેક ફાયદા

- એકવાર પ્રોડક્ટને આ ટેગ મળે પછી કોઈ પણ વ્યક્તિ અથવા કંપની તે નામ હેઠળ સમાન વસ્તુ વેચી શકશે નહીં
- ઉત્પાદનની જીઆઈ નોંધણી તેને અન્ય લોકો દ્વારા અનધિકૃત ઉપયોગ સામે કાયદાકીય સુરક્ષા અને નિવારણ પ્રદાન કરે છે
- જીઆઈ ટેગ ઉત્પાદનની નિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. તે પ્રોડક્ટની અધિકૃતતા જાળવવામાં ફાયદાકારક બને છે.

### 'માતાની પછેડી' આર્ટ અને એવોર્ડ્સ

આ આર્ટ બનાવનારા ભાનુભાઈ ચિતારાને 2023નો પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે. તેમજ ભુલાભાઈ ચિતારા શિલ્પ ગુરુ પુરસ્કાર વિજેતા છે અને તેમના પુત્ર ચંદ્રકાંત ચિતારા પણ શિલ્પ ગુરુ પુરસ્કાર વિજેતા છે.